ક્રિ પ.અ.નં.પ૯/૨૦૨૬

**આંક–૦૧ લગત હુકમ**

હાલનાં આ કામે અરજદારે તા.૩૦/૦૧/૨૦૨૬ નાં રોજ હાલની આ અરજી દાખલ કરેલ છે અને તે અરજીમાં જણાવ્યા મુજબ આ કામનાં સામાવાળા નં.૧ નાં તે અરજદાર નં.૧ નાની દિકરીને ભગાડીને લઇ ગયેલ છે અને ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ છે અને ભવિષ્યમાં તેને ખાવા પીવામાં તકલીફ પડે તેમ હોય અરજદાર નં. ૧ ની દિકરીને ગેરકાયદેસર અટકાયત કરેલ હોય તેમાથી છોડાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી આવતા સામાપક્ષે ધોરણસર બજવણી થયેલ છે અને દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે. આ અરજી સને ૨૦૨૬ ની સાલમાં થયેલ છે અને આ કામે અરજદાર નં.૧ નાની દિકરી એ સામાવાળા નં.૧ નાં સાથે તા. ૨૪/૦૯/૨૦૨પ નાં રોજ લગ્ન કરેલા છે તેના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ આ કામે રજુ રાખેલ છે. વાલીપણાનાં નિયમ મુજબ જ્યાં સુધી દિકરી કે દિકરો પુખ્ત વયનો ના થાય ત્યાં સુધી હિન્દુ ધારા ધોરણ મુજબ તેના પિતા કાયદેસરના વાલી ગણાય છે. એટલે જ્યારે દિકરી પુખ્ત વયની થાય અને સ્વેચ્છાએ લગ્ન કરેલા હોય તો વાલીપણાનાં કાયદા મુજબ તેના પતિ કાયદેસરના વાલી કહી શકાય છે એટલે કે, આ કામનાં અરજદારનાં પુત્રીએ મેરેજ રજીસ્ટ્રાર કચેરીમાં કરેલા છે તેનો આધાર પુરાવો રજુ રાખેલ છે એટલે સ્વાભાવિક છે કે આ લગ્ન ની નોંધણી સામાવાળા નં.૧ પુખ્ત વયનાં થયા હશે એટેલે જ થઇ હશે. અને આ લગ્ન અરજી દાખલ થયા પહેલા થયેલ છે એટલે અરજદારના દિકરી સામાવાળા નં.૧ નાં તે અરજદાર નં.૧ નાં દિકરીનાં વાલી કહી શકાય અને અરજી દાખલ થઇ ત્યારે સામાવાળા નં.૧ નાં અરજદાર નં.૧ નાની દિકરી સાથે લગ્ન થઇ ગયેલ હતા એટલે કે આ ડજી દાખલ થઇ ત્યારે આ કામનાં અરજદાર નં.૧ ના પુત્રી ગેરકાયદેસર અટકાયત કરેલ હોય તેવુ કહી શકાય નહી તેવા સંજોગોમાં હાલની આ અરજી નામંજુર કરવી ઉચીત અને ન્યાયી જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

– હાલની આ અરજી નામંજુર કરૂ છું.

– ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.૧પ, માહે– મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| તારીખઃ– | ૧પ/૦પ/૨૦૨૬ | (મનોજ શંભુપ્રસાદ દવે)<br>એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા.<br>**જી.જે.૦૦૭૬૦** |
| સ્થળઃ– મોડાસા | | |